**આંક : ૧૫**

**ગોધરાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી ડી.જે.વ્યાસ સાહેબ સમક્ષ.**

**રેફરન્સ (ટી.)નં.૯૨/૨૦૧૪**

**પ્રથમ પક્ષકાર : –** નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,
ભાદર નહેર વિતરણ પેટા વિભાગ,
લુણાવાડા,તા.લુણાવાડા,જી.પંચમહાલ.

**– :: વિરુઘ્ધ :: –**

**બીજા પક્ષકાર :–** શ્રી જવાનભાઈ સોમાભાઈ પગી
મુ.છાપરીના મુવાડા,કોલવણ,તા.લુણાવાડા,જી.મહીસાગર.
C/O ગુજરાત લેબર ફેડરેશન,
તા.કાલોલ,જી.પંચમહાલ.

**વિષય :– ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦ (૧) હેઠળ ન્યાય નિર્ણય કરવા બાબત...**

**પ્રતિનિધિત્વ :–**

પ્રથમ પક્ષકાર તરફે :– વિધ્વાન સરકારી વકીલશ્રી આર.એમ.ગોહીલ
બીજા પક્ષકાર તરફે :– પ્રતિનિધિશ્રી એ.એસ.ભોઈ

**– :: <u>એવોર્ડ</u> ::–**

**(૧)** મદદનીશશ્રમ આયુકતશ્રી, ગોધરાએ તેમના તા.૧૫/૦૫/૨૦૧૪ ના હુકમ નંબર–કે.એચ./એસ.એચ.એમ.સી./ગો./૪૯૯૮ થી અત્રેની મજુર અદાલત, ગોધરાને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુસુચી નીચે મુજબ છે.

**– :: અનુસુચિ :: –**

શ્રી જવાનભાઈ સોમાભાઈ પગીને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

**(૨)** આ કામે બીજા પક્ષકારે તેમનું માંગણાનું નિવેદન **આંક–૪** થી રજુ કરેલ છે. બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા સિંચાઈ તથા વીજળી ઉત્પાદનનુ કામ કરે છે તથા તેમાંથી આવક પણ મેળવે છે. જેથી પ્રથમ પક્ષકાર સંસ્થાનો ઉદ્યોગમાં સમાવેશ થાય છે. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના અગાઉ ચાલતા ના.કા.ઈ.ભાદર નહેર પે.વિ.નં.૬,૫ ની ચાલતી કામગીરીમાં **માર્ચ–૧૯૮૫** થી રોજમદાર મજુર તરીકેની ફરજમાં હાજર થયા ત્યારથી બીજા પક્ષકારે તેમના જુદા જુદા વિભાગોની ચાલતી કામગીરીમાં મોકલતા હતા અને છેલ્લે પે.વી.નં.૬ માં ફરજ બજાવેલ અને ત્યારબાદ કામનુ ભારણ ઓછુ હોવાને કારણે તે વિભાગોનો તમામ ચાર્જ સને–૧૯૮૭ થી

ના.કા.ઈજનેરશ્રી, ભાદર નહેર વિતરણ પેટા વિભાગ, લુણાવાડાને તમામ સ્ટાફ–કામદારો સહીત સુપરત કરેલ અને હાલ ના.કા.ઈ. ભાદર નહેર વિતરણના નામે ઓળખાય છે અને હાલ તે કાર્યરત છે અને વિભાગમાં બીજા પક્ષકારને માર્ચ–૨૦૧૧ સુધી જુદા જુદા મસ્ટર કારકુન પાસે કામગીરી કરેલ છે. બીજા પક્ષકાર ધ્વારા ખંત અને ઈમાનદારી પુર્વક ફરજ બજાવેલ છે. પ્રથમ પક્ષકાર ધ્વારા બીજા પક્ષકારને કોઈ પણ જાતની નોટીસ, ચાર્જશીટ કે ખાતાકીય તપાસ કે શિક્ષા કરેલ નથી. પ્રથમ પક્ષકાર ધ્વારા બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થામાં હાજર થયા ત્યારથી તેઓને કોઈ નિમણુંકપત્ર, હાજરી કાર્ડ, ઓળખપત્ર,રજાનું કાર્ડ, પગાર સ્લીપ કે છુટા કર્યા ત્યાં સુધી કોઈ કાયમી નિમણુંક પત્ર કે નોકરીને લગતા દસ્તાવેજો નિયમોનુસાર આપવા જોઈતા હતા તે આપેલા ન હતા. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારને ત્યાં ફરજમાં હાજર થયા ત્યારે આઠ કલાક કરતા વધુ સમયની અને માસના પુરા દિવસોની કામગીરી કરતા હતા. તે પેટે તેઓને માસીક રૂ.૧૫૦૦/– નો પગાર ચુકવવામાં આવતો હતો અને રજાના દિવસે પણ કામગીરી લેવામાં આવતી હતી. બીજા પક્ષકારને કામનુ ભારણ ઓછુ હોવાના બહાના હેઠળ સીનીયોરીટીનું ધ્યાન દોર્યા સિવાય **જુલાઈ–૨૦૧૧** થી ગેરકાયદેસર રીતે કોઈ પણ જાતના વ્યાજબી કારણો સિવાય મૌખિક હુકમથી છુટા કરી દીધેલ છે. બીજા પક્ષકાર ધ્વારા નોકરીના દરેક વર્ષમાં ૨૪૦ દિવસથી વધુ દિવસની કામગીરી કરી કલમ–૨૫ બી મુજબની સળંગતા જાળવી રાખેલ છે. પ્રથમ પક્ષકાર ધ્વારા કોઈ પણ જાતની નોટીસ કે છટણી વળતર આપ્યા સિવાય કે હકકહીસ્સા ચુકવ્યા સિવાય તથા સીનીયોરીટીનુ ધ્યાન રાખ્યા સિવાય ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલ છે. બીજા પક્ષકારને છુટા કર્યા બાદ પ્રથમ પક્ષકાર પાસે નોકરીમાં રાખી લેવા વિનંતી કરવા છતાં ખોટા આશ્વાસનો આપ્યા બાદ છેલ્લે નોકરીમાં રાખવાનો ઈન્કાર કરેલ જેને લીધે કેસમાં વિલંબ પણ થયેલ છે. બીજા પક્ષકારે ઘણી જગ્યાએ નોકરી મેળવવાનો પ્રયાસ કરવા છતાં નોકરી મળેલ નથી. પ્રથમ પક્ષકારની કામગીરી હાલમાં ચાલુ છે અને બીજા પક્ષકાર સાથેના અને તેમના પછીના કામદાર હાલમાં ફરજ બજાવે છે. પ્રથમ પક્ષકાર નોકરી ઉપર રાખે બીજા પક્ષકાર નોકરી ઉપર જવા તૈયાર છે. પ્રથમ પક્ષકાર ધ્વારા બીજા પક્ષકારને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોઈ બીજા પક્ષકારને મુળ જગ્યાએ તમામ લાભો સાથે પડેલા પગાર સહતી પુન:સ્થાપિત કરવા તથા બીજા પક્ષકારને ખર્ચના રૂ.૫૦૦૦/– અપાવવા અરજ કરેલ છે.

(૩) આ કામે પ્રથમ પક્ષકાર તરફે **આંક–૬** થી જવાબ રજુ કરેલ છે. જે મુજબ બીજા પક્ષકારના માંગણાના નિવેદનની હકીકતોનો ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, ભાદર ડેમમાં કોઈ મસ્ત્ય ઉદ્યોગ કરવામાં આવતો નથી કે વીજળી ઉત્પન કરવામાં આવતા નથી. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર કચેરીના તાબા હેઠળ કયારેય કામગીરી કરેલ નથી. પ્રથમ પક્ષકારના પેટા વિભાગમાં બીટ સને–૧૯૮૮ પછી રાખવામાં આવતી હતી. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કોઈ કામગીરી કરેલ નથી કે નોકરી કરેલ નથી. બીજા પક્ષકારે તેમની હકીકતો દસ્તાવેજી પુરાવાઓથી સાબીત કરવી પડે. બીજા પક્ષકારે ૨૪૦ દિવસથી વધુ કામગીરી કરેલ હોવાની કે તેઓને છુટા કરેલ હોવાની હકીકત ખરી નથી. જેથી બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કોઈ કામગીરી કરેલ ન હોઈ બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે બીજા પક્ષકાર દ્વારા નીચે મુજબના મૌખિક પુરાવા રજુ કરેલ છે.

આંક–૧૦ થી બીજા પક્ષકાર જવાનભાઈ સોમાભાઈ પગીની જુબાની.

બીજા પક્ષકાર તરફે રેફરન્સ ટી.નં.૯૦/૨૦૧૪ ના કામે આંક–૭ થી રેફરન્સ ટી.નં.૯૦/૨૦૧૪ થી ૯૮/૨૦૧૪ ની પ્રથમ પક્ષકાર પાસેથી દસ્તાવેજો રજુ કરાવવાની અરજી કરેલ છે. જે અંગે હાલના કામે **આંક–૯** થી થયેલ હુકમ મુજબ બીજા પક્ષકારને નોકરીમાંથી જણાવેલ છુટા કર્યાના વર્ષ સને–૨૦૧૧ ના અગાઉના ત્રણ વર્ષના સંસ્થાના કામદારોના પ્રથમ પક્ષકાર સંસ્થાના હાજરીપત્રક, પગારપત્રક, હાજરી અંગેના જે દસ્તાવેજો નિભાવાતા હોય તે દસ્તાવેજો તથા પગાર અંગેના દસ્તાવેજો હુકમની જાણ થયાના દિન–૩૦ માં રજુ કરવા વિકલ્પે સોગંદનામું રજુ કરવુ તેવો હુકમ કરવામાં આવેલ છે.

પ્રથમ પક્ષકાર તરફે રેફરન્સ ટી.નં.૯૦/૨૦૧૪ માં આંક–૮ થી રેફરન્સ ટી.નં.૯૦/૨૦૧૪ થી ૯૮/૨૦૧૪ ની બીજા પક્ષકારે માંગેલ દસ્તાવેજો અંગેની અરજી હેઠળ થયેલ હુકમ સંદર્ભે સોગંદનામુ રજુ કરેલ છે જે મુજબ બીજા પક્ષકાર નોકરી અંગેના પુરાવા રજુ કરે તો તેની ચકાસણી કરી માંગ્યા મુજબનુ રેકર્ડ(મસ્ટર રોલ) રજુ કરી શકાય. સને–૧૯૯૮ માં મસ્ટર પ્રથા સદંતર બંધ કરેલ છે. સંસ્થામાં ફરજ બજાવતા કાયમી રોજમદારોનુ સીનીયોરીટી લીસ્ટ રજુ કરેલ છે. બીજા પક્ષકાર જેવા છુટક આવતા રોજમદારોને નોટીસ, ચાર્જશીટ, મેમો આપવાના હોતા નથી તેમ જણાવેલ છે.

બીજા પક્ષકાર તરફે આંક–૧૧ ની પુરસીસથી પોતાનો પુરાવો પુરો થયેલ જાહેર કરેલ છે.

(૫) આ કામે પ્રથમ પક્ષકાર ધ્વારા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

આંક–૧૨ થી પ્રથમ પક્ષકારના સાહેદ સૌમિલકુમાર સોમાભાઈ પટેલની જુબાની.

પ્રથમ પક્ષકાર તરફે રેફરન્સ ટી.નં.૯૧/૨૦૧૪ ના કામે આંક–૧૩ ના આધાર લીસ્ટથી જુલાઈ–૨૦૧૧ ના હાજરીપત્રકો રજુ કરેલ છે.

પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૩ ની પુરસીસથી પોતાનો પુરાવો પુરો થયેલ જાહેર કરેલ છે.

(૬) ઉપરોકત પુરાવો પુરો થયા બાદ બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિશ્રી એ.એસ.ભોઈની મૌખિક દલીલો સાંભળી તથા પ્રથમ પક્ષકાર તરફે વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી આર.એસ.ઠાકોરે આંક–૧૪ થી લેખિત દલીલો રજુ કરેલ છે. સદરહુ દલીલના સમર્થનમાં R/SP.C.A.NO.7059 OF 2008 CHANDUBHAI PUNJABHAI TALPADA V/S DEPUTY EXECUTIVE ENGINEER,DT.11/03/2022 વાળા ચુકાદા પર આધાર રાખેલ છે. સદરહુ દલીલોની ચર્ચા રીપીટેશન ન થાય તે હેતુથી મુદ્દાના કારણોની ચર્ચા સાથે કરેલ છે.

(૭) આ કામે રેકર્ડ ધ્યાને લેતાં, માંગણાનું નિવેદન તથા જવાબ ધ્યાને લેતાં આ કામના નિર્ણય માટે તથા મદદનીશશ્રમ આયુકતશ્રી, ગોધરાએ કરેલ રેફરન્સના મુખ્ય મુદો કે બીજા પક્ષકારને ને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ? તેના નીર્ણય માટે મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા આંક–૮ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત કરેલ છે.

**મુદ્દાઓ:**

૧. શું હાલના રેફરન્સને વિલંબનો બાદ નડે છે?

૨. શું પ્રથમ પક્ષકારનો ઈન્ડસ્ટ્રીઝની વ્યાખ્યામાં સમાવેશ થાય છે?

૩. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં રોજમદાર મજુર તરીકે ફરજ બજાવતા હતા? અને તેમની પ્રથમ પક્ષકાર સંસ્થા વચ્ચે નોકર અને માલીકનો સબંધ છે?

૪. શું બીજા પક્ષકારનો ઔધોગિક વિવાદ ધારા હેઠળ કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે?

૫. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે તેઓને પ્રથમ પક્ષકારે જુલાઈ–૨૦૧૧માં નોકરીમાંથી છુટા કરેલ છે?

૬. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેમણે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલી છે?

૭. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓને પ્રથમ પક્ષકારે કોઈ પણ રીતે ગેરકાયેદસર છુટા કરેલ છે?

૮. શું બીજા પક્ષકાર નોકરીમાં પુન:સ્થાપિત થવા હકકદાર થાય છે?

૯. શું બીજા પક્ષકાર પડેલા દિવસોનો કોઈ પગાર મેળવવા હકકદાર થાય છે?

૧૦. શું બીજા પક્ષકાર વિકલ્પે કોઈ વળતર મેળવવા હકકદાર થાય છે?

૧૧. શું હુકમ ?

**(૮) ઉપરોકત મુધ્દાઓના નિર્ણય તેના કારણો આધારે નીચે મુજબ છે.**

૧. નકારમાં.
૨. હકારમાં.
૩. હકારમાં.
૪. હકારમાં.
૫. હકારમાં.
૬. હકારમાં.
૭. હકારમાં.
૮. હકારમાં.
૯. નકારમાં.
૧૦. નકારમાં.
૧૧. આખરી હુકમ મુજબ.

**–: કારણો:–**

**(૯) મુધ્દાનં.૧ :–**

આ કામે બીજા પક્ષકારે તેમના માંગણા નિવેદન તથા સોગંદનામામા જણાવ્યા મુજબ જુલાઈ–૨૦૧૧ માં પ્રથમ પક્ષકાર દવારા નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે. જે અંગે બીજા પક્ષકાર દવારા મદદનીશ કમીશ્નરશ્રી ગોધરા સમક્ષ તા.૧૭/૦૧/૨૦૧૪ ના રોજ ફરીયાદ કરતા મદદનીશ કમીશ્નરશ્રી ગોધરા દવારા અત્રેની કોર્ટને રેફરન્સ કરાયેલ છે. આમ છુટા કર્યાના આશરે બે વર્ષ ઉપરાંતના સમયગાળા બાદ બીજા પક્ષકારે ફરીયાદ કરેલ છે. પ્રથમ પક્ષકાર તરફે દલીલમાં રજુઆત મુજબ ફરીયાદ મોડી કરેલ હોઈ સમય મર્યાદાના મુદા પર રેફરન્સ રદ થવા પાત્ર છે. બીજા પક્ષકાર તરફે રજુઆત મુજબ પ્રથમ પક્ષકાર દવારા મદદનીશ કમીશ્નરશ્રી સમક્ષ સમય મર્યાદાની કોઈ તકરાર લીધેલ નથી. કલમ–૧૦ મુજબ ના રેફરન્સથી હાલનો કેસ ઉપસ્થીત થયેલ છે, જેથી રેફરન્સ થયેથી કલમ–૧૦ મુજબ કેસ ઉપસ્થીત થયેલ હોય તેમા સમય મર્યાદાની કોઈ જોગવાઈ ના હોઈ, તેથી પણ રેફરન્સ ચાલવા પાત્ર છે તથા

બીજા પક્ષકાર અભણ, મજુર વર્ગના છે, પ્રથમ પક્ષકાર સમક્ષ ઘણા સમય કામ મેળવવા પ્રયત્ન કરેલા પ્રથમ પક્ષકાર ખોટા આશ્વાસન આપતા જેથી પણ સદરહુ વિલંબ ચાલવા પાત્ર હોઈ, વધુમા કામદાર અન્ય જગ્યાએ નોકરી શોધવા પણ પ્રયત્ન કરતા હતા અને તેથી તાત્કાલીક રેફરન્સ કરી શકેલ ન હોઈ,પ્રથમ પક્ષકારની સમય મર્યાદા ના વિલંબની તકરાર માન્ય રાખવા પાત્ર નથી તેવી દલીલ કરેલ છે.

ઉપરોકત રજુઆત તથા હાલના કેસની હકીકતો તેમજ નામદારશ્રી સુપ્રીમકોર્ટ દવારા **RAGHUBIR SINGH v/s. GENERAL MANAGER,HARYANA ROADWAYS, HISSAR** ના ચુકાદાના પેરા ૧૧,૧૨ તથા ૧૪ મા કરેલ અવલોકન મુજબ Appropriate Government may make a reference at any time provided a dispute exists or apprehended, Provisions of Article 137 of Limitation Act has no application to make reference by the appropriate government to the Labour Court/Industrial Tribunal. Industrial Disputes Act, 1947, Section-10(1),A workman cannot be restrained from seeking relief only on ground of delay in raising the dispute, Presently, considering the fact situation of the case, the reference was in time. (Para 14) ધ્યાને લેતા યોગ્ય સત્તાઅધિકારી કોઈ પણ સમયે તકરાર અસ્તિત્વમાં હોય તો રેફરન્સ કરી શકે છે, લીમીટેશન એકટ લાગુ પડે નહી, બીજા પક્ષકાર દવારા તેઓ મજુર વર્ગના છે તેમજ પ્રથમ પક્ષકારે ખોટા આશ્વાસન આપેલ હોઈ સમય પસાર થયેલ છે તેમ દલીલ કરે છે તે સંજોગોમા તેમજ બીજા પક્ષકાર મજુર વર્ગના કાયદા થી વધુ પરીચીત નાહોય તેવા ઓછા શીક્ષીત વર્ગ ના હોઈ તેમજ તેઓએ છુટા થયા બાદ સતત બીજે નોકરી શોધવા પ્રયત્ન કરતા હોવાનુ પરંતુ કયાંય નોકરી મળેલ નહી અને તેમના કુટુંબના ભરણ પોષણનુ સાધન નોકરી જ હોવાનુ જણાવતા હોઈ, હાલની તકરાર સાથે બીજા પક્ષકારના કુટુંબના ભરણપોષણ તથા અસ્તીત્વનો પ્રશ્ન સંકળાયેલ હોઈ, વધુમા બીજા પક્ષકાર તરફે જેતે સમયે મદદનીશ કમીશ્નરશ્રી સમક્ષ સમય મર્યાદાના કારણો અંગે એફીડેવીટ કરેલ છે.વધુમાં મદદનીશ કમીશ્નરશ્રીના રેફરન્સનો નિર્ણય પ્રથમ પક્ષકારે સક્ષમ ઓથોરીટી સમક્ષ પડકારેલ હોય તેવુ જણાતુ નથી.

વધુમાં નામદારશ્રી ગુજરાત હાઈકોર્ટના **MISC. CIVIL APPLI. NO. 1 OF 2017 IN R/L.P.A NO. 906 OF 2016, IN SP. CIVIL APPL. NO. 9902 OF 2015 DHANJIBHAI BHANABHAI MARU V/S STATE OF GUJARAT DT.01/05/2018** ના ચુકાદામા પેરા–૧૯,૨૦,૨૧ માં કરેલ અવલોકન મુજબ સમય મર્યાદાના એકમાત્ર મુદા પર કામદારને તેનો

હકક માંગવાથી વંચીત કરી શકાય નહી, પ્રથમ પક્ષકાર દવારા સક્ષમ અધીકારીએ રેફરન્સ કરવાના હુકમને એપેલન્ટ ઓથોરીટી સમક્ષ ચેલેન્જ કરેલ નથી તે હકીકત પણ ધ્યાને લેવી જોઈએ. સદરહુ કામદારને છુટા કર્યા બાદ પણ પ્રથમ પક્ષકારનુ કામદાર દવારા કામ ચાલુ હોય તેવા સંજોગોમા ઔદ્યોગીક વિવાદ ચાલુ છે. ચૌદ વર્ષનો વિલંબ થયેલ છે તે ધ્યાનમા લઈ કામદારને દાદ આપી શકાય. જે કરેલ અવલોકન ધ્યાને લીધા. વધુમા ઉપરોકત ચુકાદામા પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંત મુજબ માત્ર સમય મર્યાદાના એકમાત્ર મુદા પર કામદારને તેનો હકક માંગવાથી વંચીત કરી શકાય નહી તે હકીકત પણ ધ્યાને લેતા, તેમજ વધુમાં નામદારશ્રી સુપ્રિમ કોર્ટના ચુકાદા **STATE OF UTTARAKHAND VS. RAJKUMAR 2019 0 SUPREME(SC) 14 DT. 7/1/19,** વાળા ચુકાદામાં કરેલ અવલોકન મુજબ ૨૫ વર્ષનો વિલંબ ધ્યાને લઈ દાદ આપવી જોઈએ જે કરેલ અવલોકન પણ ધ્યાને લેતા હાલનો રેફરન્સ માત્ર સમય મર્યાદાના મુદે રદ કરવો વ્યાજબી જણાતો ના હોઈ, ગુણદોષના મુદે નિર્ણય કરવો જરુરી જણાતો હોઈ, **મુદાનં.૧** નો જવાબ **નકારમાં** આપવામા આવે છે.

**(૧૦) મુધ્દાનં.૨:-**

પ્રથમ પક્ષકાર દવારા તેમના જવાબ તથા દલીલમાં તેઓને આઈ.ડી.એકટ લાગુ પડતો હોવાનો ઈન્કાર કરેલ છે, તેમજ તેઓનો ઉધ્ધોગની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી તેવી તકરાર લીધેલ છે પરંતુ તે બાબતે કામગીરી સબંધે કોઈ સ્પષ્ટ પુરાવા રજુ કરેલ નથી. પ્રથમ પક્ષકાર સરકાર સાથે જોડાયેલ હાલની સંસ્થાની સિંચાઈ તથા નહેર તથા પાણી વિતરણની કામગીરી અને હાલના કામદાર પાસેથી લેવાતી જણાવેલ કામગીરી ધ્યાને લેતા તેમજ ***નામદાર સુપ્રિમ કોર્ટ*** દવારા ***બેગ્લોંર વોટર સપ્લાયના*** ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે કોઈપણ સંસ્થા કામદારના સહકારથી કોઈ પણ સીસ્ટેમેટીક પ્રવૃતિ, કે જે આધ્યાત્મિક કે ધાર્મિક પ્રકારની પ્રવૃતિ ન હોય તો તેવી તમામ પ્રવૃતિનો 'ઈન્ડસ્ટ્રી' ની વ્યાખ્યામાં સમાવેશ થઈ શકશે તેવા સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે. પ્રથમ પક્ષકારની પ્રવૃતિ જોતા તે પ્રવૃતિ કોઈપણ રીતે ધાર્મિક કે આધ્યાત્મિક પ્રવૃતિ ગણી શકાય તેમ નથી. જે ધ્યાને લેતા પણ હાલની સંસ્થા કામદારના સહકારથી સીસ્ટમેટીક પ્રવૃતી કરતી હોઈ પ્રથમ પક્ષકાર સંસ્થાનો સમાવેશ 'ઈન્ડસ્ટ્રી' ની વ્યાખ્યામાં થાય છે. જેથી **મુદાનં.૨** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

**(૧૧) મુદ્દાનં.૩,૪ અને ૬ :-**

આ કામે મુદ્દાનં.૩,૪ અને ૬ એકબીજા સાથે સંકળાયેલ હોઈ, પુનરાવર્તન ન થાય તે હેતુથી એકસાથે ચર્ચા કરેલ છે.

આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેમના માંગણાના નિવેદન તથા પુરાવા સોગંદનામામાં જણાવ્યા મુજબ તેઓ પ્રથમ પક્ષકારને ત્યાં **માર્ચ-૧૯૮૫** થી ફરજ બજાવતા હતા. પ્રથમ પક્ષકાર ધ્વારા તેના જવાબ આંક-૬ માં બીજા પક્ષકારે તેમની સંસ્થામા કામદાર તરીકે એકપણ દિવસ ફરજ બજાવેલ નથી જેથી તેઓને નીમણુક પત્ર, ઓળખપત્ર કે પગારચીઠી અપાયેલ નથી, તેમ જણાવી બીજા પક્ષકારના માંગણાના નિવેદનની હકીકતનો ઈન્કાર કરેલ છે. બીજા પક્ષકારે એકપણ દિવસ ફરજ બજાવેલ ન હોઈ તેઓએ માંગેલ દાદ નામંજુર કરવા જણાવે છે. સામાન્ય રીતે બીજા પક્ષકાર જયારે કહેતા હોય કે તેઓ પ્રથમ પક્ષકારના કામદાર છે તો તે હકીકત સાબીત કરવાની જવાબદારી તેમની છે. આ કામે બીજા પક્ષકાર દવારા નોકરી અંગેના આધાર રજુ કરેલ નથી પરંતુ તેઓનુ સોગંદ પરની જુબાનીમા તથા માંગણાના નીવેદનમા કથન એવુ છે કે, પ્રથમ પક્ષકાર તરફે તેઓને કયારેય નીમણુક પત્ર, પગારચીઠ્ઠી, ઓળખકાર્ડ આપેલ નથી. પ્રથમ પક્ષકાર દવારા બીજા પક્ષકારને આવા પુરાવા આપવામા આવે છે તેવો પ્રથમ પક્ષકારનો કેસ નથી કે તેવા કોઈ પુરાવા નથી. પ્રથમ પક્ષકાર તરફે તેમના જવાબમાં જણાવ્યા મુજબ બીજા પક્ષકાર તેઓના કામદાર નથી અને તેઓને નિમણુંક પત્ર કે પગારચીઠ્ઠી આવુ કાંઈ આપવાનુ હોતુ નથી તેવી હકીકત જણાવેલ છે. આમ, બીજા પક્ષકાર તરફે સોગંદ પર તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા હાજરી તથા પગાર અંગેના દસ્તાવેજો આપવામાં આવતા નથી તેવી હકીકત જણાવેલ છે. બીજા પક્ષકારની ઉલટતપાસમાં પ્રથમ પક્ષકાર તરફે વિરૂધ્ધની કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી. પ્રથમ પક્ષકાર તરફે તેમના સાહેદ ધ્વારા **આંક-૧૨** ની ઉલટતપાસમાં જે તે સમયે બીજા પક્ષકાર જેવા કામદારને નિમણુંકપત્ર, પગારચીઠ્ઠી, હાજરીકાર્ડ જેવા દસ્તાવેજો આપવામાં આવતા ન હતા તે હકીકતનો સ્વીકાર કરેલ છે.આવા કોઈ દસ્તાવેજો પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને આપેલ હોય તેવો પ્રથમ પક્ષકારનો કેસ નથી. તે સંજોગોમા બીજા પક્ષકારે જણાવ્યા મુજબ તેઓને નોકરી અંગેના કોઈ પુરાવા નહી આપેલ હોવાની હકીકત નહી માનવાને કોઈ કારણ નથી. તેથી બીજા પક્ષકારે નોકરી અંગેના કોઈ દસ્તાવેજ રજુ કરેલ નહી હોવાના એક માત્ર કારણથી બીજા

પક્ષકારે પ્રથમ પક્ષકારની સંસ્થામા કામ કરેલ નથી તેવુ અનુમાન દોરી શકાય તેમ નથી. આ કામે બીજા પક્ષકાર દવારા તેમના માંગણા નીવેદન તથા સોગંદ પરની જુબાનીમા તેઓએ પ્રથમ પક્ષકાર પાસે સને–૧૯૮૫ થી કામ કરતા હતા અને તેઓએ નોકરીની સળંગતા જાળવી બ્રેક સીવાય કામગીરી કરેલ છે,પરંતુ તેઓને નોકરીમાંથી સીનીયોરોટી ધ્યાને લીધા વીના ગેરકાયદેસર રીતે કીન્નાખોરીથી જુલાઈ–૨૦૧૧ માં છુટા કરી દીધેલ તેમ જણાવેલ છે. બીજા પક્ષકારની પ્રથમ પક્ષકાર તરફે લેવાયેલ ઉલટ તપાસમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરી કરેલ હોવાની હકીકતને વળગી રહેલ છે. વધુમા પ્રથમ પક્ષકાર તરફે બીજા પક્ષકારે તેમની સંસ્થામા કામગીરી કરેલ ન હોય કે સળંગ ૨૪૦ દિવસ કામગીરી કરેલ નહોય તેવી કોઈ વિરુધ્ધની હકીકત ઉલટતપાસમા લાવી શકેલ નથી. પ્રથમ પક્ષકાર ધ્વારા તેમના સાહેદ આંક–૧૨ ધ્વારા તેમની ઉલટતપાસમાં આ કામે હુકમ મુજબના હાજરીપત્રક કે પગારપત્રક રજુ કરવામાં આવેલ નથી તે હકીકતનો સ્વીકાર કરેલ છે. બીજા પક્ષકાર જેવા કામદારોની હાજરી અંગેનુ રેકર્ડ પ્રથમ પક્ષકાર સંસ્થા નિભાવતી નથી તેવો પ્રથમ પક્ષકારનો કેસ નથી. વધુમાં દસ્તાવેજ રજુ કરવાની અરજી સંદર્ભેના સોગંદનામામાં પ્રથમ પક્ષકાર ધ્વારા જણાવ્યા મુજબ સને–૧૯૯૮ માં મસ્ટર પ્રથા સદંતર બંધ થઈ ગયેલ હોઈ તેમજ બીજા પક્ષકાર નોકરી અંગેના પુરાવા રજુ કરે તો તેની ચકાસણી કરી માંગ્યા મુજબનુ રેકર્ડ(મસ્ટર રોલ) રજુ કરી શકાય તેવી હકીકત જણાવેલ છે. પ્રથમ પક્ષકારના સાહેદ આંક–૧૨ ધ્વારા તેમની ઉલટતપાસમાં જણાવ્યા મુજબ જેમ જેમ કામગીરીનુ ભારણ ઓછુ થતુ ગયુ તેમ તેમ તમામ વિભાગોનો ચાર્જ ભાદર નહેર વિતરણ પેટા વિભાગ, લુણાવાડાને સુપરત કરવામાં આવેલ તથા સદરહુ ચાર્જ સુપરત કરવા સમયે તમામ કામદાર તથા રેકર્ડ સહીતનો ચાર્જ પણ સુપરત કરવામાં આવેલ તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે. કામદારના હાજરીને લગતા તથા પગારને લગતા દસ્તાવેજો અંગેનુ રેકર્ડ પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા નિભાવાય છે. અગાઉ જણાવ્યા મુજબ બીજા પક્ષકારને હાજરી અંગેના દસ્તાવેજો અપાતા નથી તેમજ તેવો કોઈ દસ્તાવેજી પુરાવો પણ રજુ નથી. સદરહુ હાજરી તથા પગાર અંગેનુ રેકર્ડ સંસ્થાના કબજામાં છે અને સંસ્થા ધ્વારા નિભાવાય છે. આ કામે અગાઉ જણાવ્યા મુજબ તેમજ પ્રથમ પક્ષકાર ધ્વારા કામદારોની હાજરીને લગતી રેકર્ડ પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા નિભાવાય છે અને રેકર્ડ તેમના કબજામાં રહે છે. આમ, હાજરીને લગતા દસ્તાવેજો પ્રથમ પક્ષકારના કબજામાં છે. પ્રથમ પક્ષકાર તરફે તેઓની દલીલમાં બીજા પક્ષકારે ૨૪૦ દિવસ સળંગ

નોકરી કરેલ હોવાની પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે તેમજ પુરાવાનો બોજો પણ બીજા પક્ષકાર પર રહેલ છે તેવી દલીલ કરેલ છે તેમજ સદરહુ દલીલના સમર્થનમાં **R/SP.C.A.NO.7059 OF 2008 CHANDUBHAI PUNJABHAI TALPADA V/S DEPUTY EXECUTIVE ENGINEER,DT.11/03/2022** વાળા ચુકાદા પર આધાર રાખે છે. સદરહુ ચુકાદામાં નામદારશ્રી ગુજરાત હાઈકોર્ટ ધ્વારા કરાયેલ અવલોકન મુજબ ''કામદાર ધ્વારા હાજરી અંગેના રજુ કરેલ દસ્તાવેજો પે રીસીપ્ટ મુજબ માત્ર ૯૩ દિવસ કામગીરી કરેલ છે તે સિવાય કામદાર ધ્વારા બીજા કોઈ દસ્તાવેજ રજુ કરાયેલ નથી. વધુમાં ૨૪૦ દિવસ કામગીરી કરેલ હોય તેને કોઈ મૌખિક પુરાવાનુ સમર્થન મળતુ નથી. રજુ કરેલ પે રીસીપ્ટ સળંગ સમયગાળાની નથી જેના વિરૂધ્ધમાં માલીક સંસ્થા ધ્વારા રજુકરાયેલ મસ્ટર રોલ તથા પે રીસીપ્ટ મુજબ કામદારે સને-૧૯૮૭ માં ૩૧ દિવસ તથા સને-૧૯૮૮ માં ૧૭૭ દિવસ કામગીરી કરાયેલાનુ દર્શાવેલ છે જે મુજબ પણ ૨૪૦ દિવસ કામગીરી થતી નથી. માલીક સંસ્થા ધ્વારા રજુ કરાયેલ ઓફીસીયલ દસ્તાવેજો સાથે કામદાર ધ્વારા રજુ કરાયેલ દસ્તાવેજો ટેલી થતા નથી. વધુમાં કામદાર તરફે સદરહુ ઓફીસીયલ રેકર્ડ ડીસ્પ્યુટેડ નથી. જેથી કામદારે વર્ષમાં ૨૪૦ દિવસ કામગીરી કરેલ હોય તેવુ પુરવાર કરી શકેલ ન હોઈ નીચેની કોર્ટ ધ્વારા રેફરન્સ રીઝેકટ કરતો ચુકાદો યોગ્ય છે'' તેવુ અવલોકન કરાયેલ જે અવલોકન ધ્યાને લીધા.

હાલના કેસની હકીકતો જોતા બીજા પક્ષકારે તેવા રોજમદારોને જે તે સમયે હાજરી અંગેના પુરાવા આપવામાં આવતા ન હતા. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે માત્ર જુલાઈ-૨૦૧૧ નુ હાજરી પત્રક રજુ કરેલ છે તે સિવાય હુકમ મુજબના અન્ય કોઈ હાજરી કે પગાર અંગેના દસ્તાવેજો રજુ કરેલ નથી. હાલના કેસના પ્રથમ પક્ષકાર નહેર પ્રવૃતિની બહોળી કામગીરી કરે છે અને તેઓની કામગીરી અલગ-અલગ વિસ્તારોમાં, અલગ-અલગ બીટમાં અનેક જગ્યાએ ચાલે છે અને સદરહુ કામગીરીમાં રોજમદાર મજુર તરીકે અનેક કામદારો રાખવામાં આવે છે તે સ્વયં સ્વીકૃત હકીકત છે. વધુમાં હાલના કેઈસની હકીકત મુજબ અગાઉ જણાવ્યા મુજબ પ્રથમ પક્ષકાર હાજરી તથા પગારના દસ્તાવેજો તેઓ નિભાવે છે તેમજ બીજા પક્ષકાર જેવા રોજમદાર કામદારોને ઓળખપત્ર કે હાજરી અંગેના દસ્તાવેજો આપવામાં આવતા હોય તેવા કોઈ પુરાવા નથી. હાલના કેસમાં બીજા પક્ષકાર ધ્વારા ભાદર નહેરના પેટા વિભાગમાં તાબા હેઠળ ચાલતી કામગીરીમાં ફરજ પર હાજર થયેલ અને ત્યાર બાદ જુદા-જુદા વિભાગોની કામગીરીમાં મોકલતા

હતા અને છેલ્લે સદરહુ વિભાગની કામગીરીનો હવાલો પેટા વિભાગ લુણાવાડાને સોંપાયેલ. જે વિભાગની ફરજ બજાવતા હતા તે દરમિયાન બીજા પક્ષકારને છુટા કરાયેલ તેમ જણાવેલ છે. આમ, બીજા પક્ષકારે ભાદર પેટા વિભાગમાં અલગ અલગ ભાગમાં તથા અલગ અલગ બીટમાં તથા ભાદર નહેર વિતરણ પેટા વિભાગ, લુણાવાડામાં કામગીરી કરેલ હોવાનું સોગંદ ઉપર જણાવેલુ હોવા છતાં અને સળંગ ૨૪૦ દિવસ કામગીરી કરેલ હોવાનું સોગંદ ઉપર જણાવેલુ હોવા છતાં તેમજ ઉલટતપાસમાં તેઓએ કામગીરી કરેલ નથી તેવી કોઈ વિરૂધ્ધની હકીકત પ્રથમ પક્ષકાર લાવવામાં સફળ થયેલ ન હોવા છતાં તેમજ સદરહુ વિભાગોમાં અલગ અલગ બીટો હોવાનું અલગ–અલગ વિસ્તારમાં કામગીરી થતી હોવાનું સ્પષ્ટ હોવા છતાં પ્રથમ પક્ષકાર તરફે સદરહુ તમામ બીટોના, તમામ વિસ્તારોના તથા વિભાગોના સળંગ હાજરી પત્રકો રજુ કરેલ નથી. આ કામે પ્રથમ પક્ષકાર ધ્વારા માત્ર એકજ માસના જુલાઈ–૨૦૧૧ ના હાજરીપત્રક રજુ કરેલ છે. સદરહુ હાજરીપત્રક પ્રથમ પક્ષકાર સંસ્થાની તમામ બીટના, તમામ વિસ્તારના હાજરીપત્રકો રજુ કરેલ હોય તેવો સ્પષ્ટ પુરાવો પ્રથમ પક્ષકાર તરફે આપેલ નથી અને કેટલાક વિસ્તારના હાજરીપત્રક રજુ કરેલ છે તે સિવાય હુકમ મુજબના સમયના સળંગ દસ્તાવેજો રજુ કરેલ નથી. અગાઉ જણાવ્યુ તે મુજબ કામદારના હાજરી અંગેના દસ્તાવેજો પ્રથમ પક્ષકારના કબજામાં છે. તે સંજોગોમાં સળંગ નોકરી અંગેની હકીકતને લગતા મહત્વના દસ્તાવેજો પ્રથમ પક્ષકારના કબજામાં છે અને તેઓ રજુ કરી શકયા હોત, પરંતુ આ કામે આવા તમામ દસ્તાવેજો રજુ કરાયેલ નથી અને તેઓના કબજામાં રહેલા તેઓના કામદારોના ઉપર જણાવેલ તમામ સળંગ રજીસ્ટર કે દસ્તાવેજો રજુ કરેલ નથી. તે સંજોગોમાં નામદારશ્રી સુપ્રિમ કોર્ટના ચુકાદા **Director, Fisheries Terminal Division Versus Bhikubhai Meghajibhai Chavda 2010 0 AIR(SC) 1236** માં પેરા ૧૪ તથા ૧૫ મા કરેલ અવલોકન મુજબ 15) Applying the principles laid down in the above case by this court, the evidence produced by the appellants has not been consistent. The appellants claim that the respondent did not work for 240 days. The respondent was a workman hired on a daily wage basis. So it is obvious, as this court pointed out in the above case that he would have difficulty in having access to all the official documents, muster rolls etc. in connection with his service. He has come forward and deposed, so in our opinion the burden of proof shifts to the employer/appellants to prove that he did not complete

240 days of service in the requisite period to constitute continuous service. It is the contention of the appellant that the services of the respondent were terminated in 1988. The witness produced by the appellant stated that the respondent stopped coming to work from February, 1988. The documentary evidence produced by the appellant is contradictory to this fact as it shows that the respondent was working during February, 1989 also. It has also been observed by the High Court that the muster roll for 1986-87 was not completely produced. The appellants have inexplicably failed to produce the complete records and muster rolls from 1985 to 1991, inspite of the direction issued by the labour court to produce the same. In fact there has been practically no challenge to the deposition of the respondent during cross-examination. In this regard, it would be pertinent to mention the observation of three judge bench of this court in the case of Municipal Corporation, Faridabad Vs. Siri Niwas [(2004) 8 SCC 195], where it is observed: "A Court of Law even in a case where provisions of the Indian Evidence Act apply, may presume or may not presume that if a party despite possession of the best evidence had not produced the same, it would have gone against this contentions. The matter, however, would be differentwhere despite direction by a court the evidence is withheld."

ઉપરોકત ચુકાદામાં કરેલ અવલોકન મુજબ હાલના કેસની હકીકતો ધ્યાને લેતા હાલના કેસમા પણ ,સંસ્થાના કામદારોની હાજરી અંગેના દસ્તાવેજ બીજા પક્ષકારને અપાયેલ નથી અને હાજરી અંગેના રજીસ્ટર સંસ્થાના પોતાના કબજામા નીભાવતી હોવા છતાં સળંગ અને જરુરી તમામ રજીસ્ટર રજુ કરવાનુ ટાળેલ છે. આ સંજોગોમાં બીજા પક્ષકાર મજુર વર્ગના કામદાર હોઈ, તેઓને નોકરી અંગેના નિમણુંક કે હાજરી અંગેના દસ્તાવેજો પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા આપવામાં આવેલ નથી તેવુ સોંગદ પર જણાવેલ હોઈ, બીજા પક્ષકારને આવા દસ્તાવેજી આધાર પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા અપાયેલ હતા તેવો પ્રથમ પક્ષકારનો કેસ નથી. વધુમાં બીજા પક્ષકાર ધ્વારા કામદારોને હાજરી તથા નોકરી અંગેના દસ્તાવેજો પ્રથમ પક્ષકાર ધ્વારા અપાતા નથી તેવુ બીજા પક્ષકારે સોગંદ પર જણાવેલ છે. તે સંજોગોમાં તથા વધુમાં હાજરી તથા નોકરી અંગેના દસ્તાવેજો પ્રથમ પક્ષકાર સંસ્થાના કબજામાં રહે છે. તે સંજોગોમાં જયારે બીજા પક્ષકાર તેઓએ વર્ષો સુધી નોકરી કરતા હોવાનું સોગંદ પર જણાવતા હોઈ, તે સંજોગોમાં આવા હાજરીને લગતા તમામ દસ્તાવેજી રજુ કરવાની જવાબદારી પ્રથમ પક્ષકાર પર જાય અને પ્રથમ

પક્ષકાર તેના વિભાગને લગતા અને કામદાર કામ કરેલ છે તે વિભાગોને લગતા તમામ દસ્તાવેજો રજુ ન કરે અથવા તુટક–તુટક અપુરતા દસ્તાવેજો રજુ કરે તો તે સંજોગોમાં ઉપરોકત ચુકાદા મુજબ સંસ્થા વિરુધ્ધ અનુમાન દોરી શકાય.

વધુમા નામદારશ્રી સુપ્રીમકોર્ટના ચુકાદા **GAURISHANKAR V/S. STATE OF RAJASTHAN(CIVIL APPEAL NO.3701 OF 2015)** માં કરેલ અવલોકન ધ્યાને લેતા તેમજ તે ચુકાદાની હકીકતો સાથે હાલના કેસની હકીકતો ધ્યાને લેતા,ઉપરોકત ચુકાદામા સંસ્થા ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ દવારા કામદારે સળંગ નોકરી નહી કરેલાની તેમજ સને–૧૯૯૨ માં એકપણ દિવસ કામ કરેલ નથી તેવી તકરાર લીધેલ પરંતુ સંસ્થાનુ કામ જુદી જુદી જગ્યાએ ચાલતુ હોવાની તથા અલગ અલગ મસ્ટર રોલ ચાલતા હોવાનુ તથા કેટલીક સાઈટના મસ્ટર રોલ સંસ્થાએ કોર્ટ સમક્ષ રજુ કરેલ નહી હોવાનુ રેકર્ડ પર આવેલ જેથી નામદારશ્રી સુપ્રીમકોર્ટ દવારા સંસ્થા વિરુધ્ધ અનુમાન દોરી સળંગ કામગીરી કામદાર દવારા કરેલ હોવાનુ ઠરાવેલ.તે જ રીતે નામદારશ્રી ગુજરાત હાઈકોર્ટના **GUJARAT STATE CIVIL SUPPLIES CORPORATION LTD Versus ABDULKADAR IBRAHIM BAKALI** C/SCA/4643/2010 Dt.25/7/17 ના ચુકાદામાં કરેલ અવલોકન મુજબ પણ જયારે પ્રથમ પક્ષકાર કામદારોની હાજરી અંગેના પુરાવા રજુ કરવામાં નિષ્ફળ જાય ત્યારે કેઈસની હકીકતો અને સંજોગો ધ્યાને લઈ કામદારે સળંગ નોકરી કરેલ છે તેવુ માની કામદારને યોગ્ય વળતર આપી શકાય.વધુમાં નામદારશ્રી ગુજરાત હાઈકોર્ટના ચુકાદો **State of Gujarat v/s Arjunbhai Rumalbhai Valu Special Civil Application No.5937 of 2018 Dt.16/04/2018** વાળા ચુકાદામાં હાલના કેઈસ જેવી જ હકીકતો હતી. જેમાં પ્રથમ પક્ષકાર ધ્વારા બીજા પક્ષકારે એક પણ દિવસ કામ કરેલ નથી તેવો બચાવ લીધેલ અને કેટલાક હાજરી અંગેના રજીસ્ટરો રજુ કરેલ જેમાં કોઈમાં બીજા પક્ષકારનું નામ દર્શાવેલ નહી કે હાજરી ન હતી. તે કેઈસમાં પણ પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા રજુ કરેલ હાજરી અંગેના મસ્ટર રજીસ્ટર તુટક–તુટક રજુ કરેલ.જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા અવલોકન કરવામાં આવેલ કે પ્રથમ પક્ષકાર ધ્વારા તમામ હાજરી રજીસ્ટરો રજુ કરેલ ન હોઈ તેમજ બીજા પક્ષકાર રોજમદાર મજુર તરીકે કામગીરી કરતા હોઈ બીજા પક્ષકારને યોગ્ય વળતર અપાવવાનો નીચેની લેબર કોર્ટનો ચુકાદો યોગ્ય છે અને માન્ય રાખવા પાત્ર છે. જે હકીકતો તથા અવલોકન ધ્યાને લેતા હાલના કેસમા

પણ પ્રથમ પક્ષકાર હાજરી અંગેના દસ્તાવેજો નિભાવતા હોવાનુ તેમજ બીજા પક્ષકારને કોઈ દસ્તાવેજો અપાયેલ નથી તેવુ કબુલ રાખેલ હોઈ જેથી ઉપરોકત પ્રસ્થાપીત સીધ્ધાંતોની કરેલ ચર્ચા મુજબ સંસ્થા વિરુધ્ધ અનુમાન દોરવા વ્યાજબી કારણ છે. કામદાર તરફે સોગંદપર તેઓએ વર્ષો સુધી સંસ્થામા નોકરી કરેલ હોવાનુ જણાવેલ છે,જે ઉપર કરેલ ચર્ચા મુજબ સંસ્થાએ અપુરતા રજુ કરેલ દસ્તાવેજોને ધ્યાનમા રાખતા, તેમજ કામદાર તરફે સોગંદપર તેઓએ વર્ષો સુધી સંસ્થામા નોકરી કરેલ હોવાનુ જણાવેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી.જે મુજબ સંસ્થા વિરુધ્ધ અનુમાન દોરવા વ્યાજબી કારણ છે, જેથી બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામા રોજમદાર મજુર તરીકે કામ કરતા હોવાનુ તથા બીજા પક્ષકારની કામગીરી જોતા તેઓ મેનેજમેન્ટ કે સુપરવાઈઝરી પ્રકારની કામગીરી કરતા નાહોઈ તે સંજોગોમા કાયદાની કલમ–2(S) ધ્યાને લેતાં બીજા પક્ષકારનો ઔદ્યોગિક વિવાદ ધારા મુજબ કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે તથા ઉપર જણાવ્યા મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં કામ કરતા હોઈ બીજા પક્ષકાર તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં રોજમદાર તરીકે ફરજ બજાવતા હતા અને તેઓનો કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે તેમ સાબીત કરવામાં સફળ રહેલ છે. તેથી **મુધ્દાનં.૩** તથા **૪** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તેમજ ઉપર જણાવેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા હાલના કામદાર રોજમદાર મજુર વર્ગના કામદાર હોઈ તેમજ અગાઉ જણાવ્યા મુજબ પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા તેમના કબજામાં દસ્તાવેજો રહેલ હોવા છતાં સળંગ, તમામ રજુ કરેલ ન હોઈ તેમજ બીજા પક્ષકાર ધ્વારા સોગંદ ઉપર તેઓએ સળંગ ૨૪૦ દિવસ નોકરી કરેલાનું જણાવેલ હોઈ સદરહુ બીજા પક્ષકારે કામ કરેલ હોવાનું જણાવાતા તમામ વિભાગના તમામ બીટના દસ્તાવેજો પ્રથમ પક્ષકાર ધ્વારા રજુ કરેલ ન હોઈ ઉપર જણાવેલ ચુકાદાઓમાં કરેલ અવલોકન મુજબ તેમજ અગાઉ કરેલ ચર્ચા મુજબ પ્રથમ પક્ષકાર વિરૂધ્ધ અનુમાન કરવાને કારણ જણાય છે. આ તમામ હકીકત ધ્યાને લેતાં બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં છુટા કરતા અગાઉના વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ દિવસ કામ કરી ઔદ્યોગિક વિવાદ ધારા મુજબ કલમ–૨૫ બી મુજબ સળંગ નોકરી કરેલ છે તેમ બીજા પક્ષકાર સાબીત કરવામાં સફળ રહેલ છે. તે સંજોગોમાં બીજા પક્ષકાર તેમણે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયદાની

કલમ–૨૫ બી મુજબ સળંગ નોકરી કરેલી હોવાનું પુરવાર કરવામાં સફળ રહેલ હોય **મુધ્દાનં.૬** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

**(૧૨) મુધ્દાનં.૫ :–**

આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેના માંગણાના નિવેદન તથા પુરાવા સોગંદનામામાં જણાવ્યા મુજબ તેઓ પ્રથમ પક્ષકારને ત્યાં મજુર તરીકે ફરજ બજાવતા હતા અને તેઓને જુલાઈ–૨૦૧૧ માં છુટા કરી દેવામાં આવેલા.જે સંદર્ભે પ્રથમ પક્ષકારના આંક–૬ ના જવાબમાં બીજા પક્ષકાર તેઓના કામદાર હોવાનો ઈન્કાર કરેલ છે. અગાઉ જણાવ્યુ તે મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામગીરી કરતા હતા. પ્રથમ પક્ષકારના જવાબ તથા સાહેદની જુબાનીમાં બીજા પક્ષકારને નિમણુંકપત્ર, પગારચીઠ્ઠી કે નોકરી અંગેના કોઈ દસ્તાવેજ અપાયેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. તે સંજોગોમાં તેમજ બીજા પક્ષકારને ચોકકસ સમયગાળા પુરતા કે ચોકકસ કરાર પુરતા કામે રખાયેલ હોય કે બીજા પક્ષકાર ધ્વારા રાજીનામુ અપાયેલ હોય તેવો પ્રથમ પક્ષકારનો કેસ નથી. તે સંજોગોમાં બીજા પક્ષકાર ધ્વારા સોગંદ ઉપર તેઓને નોકરીમાંથી છુટા કરેલ હોવાની હકીકતને નહી માનવાને કોઈ કારણ નથી. તે સંજોગોમા બીજા પક્ષકાર તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા નોકરીમાંથી છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં સફળ રહેલ છે. તેથી **મુધ્દાનં.૫** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

**(૧૩) મુધ્દાનં.૭ :–**

આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેમના માંગણા નિવેદન તથા પુરાવા સોગંદનામામાં જણાવ્યા મુજબ તેઓ પ્રથમ પક્ષકારને ત્યાં ફરજ બજાવતા હતા અને હાજર થયા ત્યારથી સળંગ અને બ્રેક સિવાયની નોકરી કરી દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા પણ વધુ સમયની નોકરી કરી નોકરીની સળંગતા જાળવી રાખેલ છે. આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેમના માંગણાના નિવેદન તથા પુરાવાના સોગંદનામામાં જણાવ્યા મુજબ પ્રથમ પક્ષકારે તેઓને કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય, નોટીસ વળતર આપ્યા સિવાય, કે કોઈ પણ તપાસ કર્યા સિવાય તેમને ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ. બીજા પક્ષકારની સોગંદ ઉપરની આ હકીકત વિરૂધ્ધની કોઈ હકીકત પ્રથમ પક્ષકાર તરફેની બીજા પક્ષકારની ઉલટતપાસમાં આવેલ નથી. પ્રથમ પક્ષકાર તેમના જવાબ તથા પ્રથમ પક્ષકારના સાહેદ ધ્વારા ઉલટતપાસમાં બીજા પક્ષકારને નોટીસ કે છટણી વળતર અપાયેલ નથી તેનો સ્વીકાર કરતા હોઈ, પ્રથમ પક્ષકાર તરફે

નોટીસ કે છટણી વળતર આપ્યા અંગેનો પુરાવો પણ રજુ થયેલ ન હોઈ કે તેવો પ્રથમ પક્ષકારનો કેસ ન હોઈ, તેમજ અગાઉ ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયદાની કલમ–૨૫ બી મુજબ સળંગ નોકરી કરેલી હોઈ, તે સંજોગોમાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ઔધોગિક વિવાદ ધારાની કલમ–૨૫ એફ નું પાલન કર્યા સિવાય છુટા કરેલા હોય તે રીતે બીજા પક્ષકારને ગેરકાયદેસર છુટા કરેલ છે. તે સંજોગોમાં બીજા પક્ષકારે તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હોવાનું સાબીત કરવામાં સફળ રહેલ હોય **મુદ્દાનં.૭** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

**(૧૪) મુદ્દાનં.૮ થી ૧૦ :–**

ઉપરોકત ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકાર ધ્વારા છુટા કર્યાના અગાઉના વર્ષમાં કલમ–૨૫ બી મુજબ સળંગ ૨૪૦ દિવસ નોકરી કરેલ હોય તેમજ બીજા પક્ષકારને કાયદાની કલમ–૨૫ એફ નો ભંગ કરી ગેરકાયદેસર છુટા કરેલ છે. બીજા પક્ષકાર તરફે દલીલ મુજબ બીજા પક્ષકાર ધ્વારા સળંગ ૨૪૦ દિવસથી વધુ કામગીરી કરેલ હોય, બીજા પક્ષકાર ધ્વારા તેમના પુરાવા સોગંદનામામાં સોગંદ પર તેમની ઉંમર સને–૨૦૨૧ માં ૫૫ વર્ષ દર્શાવેલ છે. તે સંજોગોમાં બીજા પક્ષકારની નિવૃતીમાં ઘણો સમય બાકી હોય, બીજા પક્ષકારને પડેલ પગાર સહીત પુન:સ્થાપિત કરવા અરજ કરેલ છે. પ્રથમ પક્ષકાર તરફે દલીલ મુજબ બીજા પક્ષકાર છુટક રોજમદાર પ્રકારની કામગીરી કરતા હોવાની રજુઆત કરેલ છે પરંતુ ખરેખર તો બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કોઈ કામગીરી કરેલ ન હોય તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થામાં સરકારશ્રીના નિયમો મુજબ ભરતી કરવાની થતી હોય બીજા પક્ષકારને કોઈ દાદ મળવા પાત્ર નથી. હાલના કેસની હકીકતો ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર ધ્વારા જણાવ્યા મુજબ બીજા પક્ષકારે સને–૧૯૮૫ માં નોકરી શરૂ કરેલ તથા જુલાઈ–૨૦૧૧ માં બીજા પક્ષકારને છુટા કરેલ તેવી રજુઆત છે. તે સંજોગોમાં બીજા પક્ષકારની લાંબા સમયની નોકરીની સોગંદ પર જણાવેલ હકીકતો ધ્યાને લેતા ઉપર અગાઉ જણાવ્યુ તે મુજબ બીજા પક્ષકારની નિવૃતીનો ઘણો સમય બાકી છે જે ધ્યાને લેતા બીજા પક્ષકારને પુન:સ્થાપિત કરવા યોગ્ય જણાય છે તેમજ વધુમાં બીજા પક્ષકારની નોકરીનો અંત સને–૨૦૧૧ માં આવેલ હોય આટલા લાંબા સમયગાળા સુધી કોઈ પણ આવક મેળવ્યા સિવાય બેસી રહેલ હોય તેવુ માની શકાય નહી. તેમજ છેલ્લા ૧૧ વર્ષથી બીજા પક્ષકાર ધ્વારા પ્રથમ પક્ષકાર સંસ્થામાં કોઈ પણ જાતની કામગીરી

કરેલ નથી તે નિર્વિવાદિત હકીકત છે. તે સંજોગોમાં નામદારશ્રી ગુજરાત હાઈકોર્ટના ચુકાદા **BHUPATSINH SAKADSINH CHAVDA V/S RANGE FOREST OFFICER R/SP.C.A. NO.12305 OF 2018 WITH R/SP.C.A.NO.11621 OF 2018 DT.05/11/2020** માં પેરા–૨૪,૨૬ માં કરેલ અવલોકન મુજબ ંતથા નામદારશ્રી ગુજરાત હાઈકોર્ટના ચુકાદા **CHHATRASING MARUTISING BARIYA V/S DEPUTY EXE. ENGINEER R/SP.C.A.NO.10316 OF 2020 DT.13/09/2021** વાળા ચુકાદામાં પેરા–૮ તથા પેરા–૯ માં કરેલ અવલોકન ધ્યાને લઈ બીજા પક્ષકારને કોઈ પણ જાતના પડેલ પગાર તથા આનુષાંગિક લાભ સિવાય તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાની દાદ આપવી યોગ્ય જણાય છે. જે મુજબ **મુદાનં.૮** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે તથા **મુદ્દાનં.૯** અને **૧૦** નો જવાબ **નકારમાં** આપી **મુદ્દાનં.૧૧** અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

(૧) હાલના પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

(૨) હાલના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ કોઈ પણ જાતના પડેલ પગાર તથા આનુષાંગિક લાભ સિવાય પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને આ રેફરન્સના ખર્ચના **રૂ.૫૦૦૦/–** (અંકે રૂપીયા પાંચ હજાર) ચુકવવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૪) આ હુકમનો અમલ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી **દિન–૩૦** માં કરવાનો રહેશે.

**સ્થળ : ગોધરા**
**તા.૧૩/૦૫/૨૦૨૨**

**(ધનંજય જગદિશચંદ્ર વ્યાસ)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત, ગોધરા.**
**GJ01263**